**ELECTION IMMEDIATE**

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

**GUJARAT STATE**

**General Administration Department (Election Division)**
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંકઃઇએલસી-૧૦૧૯-૧૭૪૩-છ, તા.૧૯-૪-૨૦૧૯

પ્રતિ,
- સર્વે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી
- સર્વે લોકસભા મતવિવભાગના ચૂંટણી અધિકારીશ્રી
- વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણીના ચૂંટણી અધિકારીશ્રી

વિષયઃ**લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અને વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી-૨૦૧૯**
- મતદાન/પુનઃ મતદાનના તરતના બીજા દિવસને મતદાન કર્મચારીઓને ચૂંટણી ફરજ પરનો સમયગાળો ગણવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજયમાં લોકસભાની સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૯ અને ૨૧-ઉંઝા, ૬૪-ધ્રાંગધ્રા, ૭૭-જામનગર ગ્રામ્ય અને ૮૫-માણાવદર વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી તા.૨૩-૪-૨૦૧૯, મંગળવારના રોજ યોજવાની જાહેરાત ભારતના ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલ છે. મતદાનના બીજા દિવસે એટલે કે તા.૨૪-૪-૨૦૧૯, બુધવારનો દિવસ કામકાજનો દિવસ છે.

સામાન્ય રીતે મતદાનના દિવસે ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ મતદાન પૂરૂં થયા બાદ રીસીવીંગ સેન્ટર ઉપર મોડી રાત્રે અથવા તો જો અંતર વધુ હોય તો બીજા દિવસે વહેલી પરોઢે મતદાન સામગ્રી પરત સોંપવા માટે પહોંચતા હોય છે. આથી ચૂંટણી સ્ટાફના તેઓના ફરજ પરના પ્રમાણમાં લાંબા સમયગાળાને ધ્યાનમાં રાખી તેઓએ મતદાનના બીજા દિવસે તેમની કચેરીમાં હાજરી આપવાની જરૂર નથી, તેઓને ફરજ પર હાજર(On Duty) ગણવાના રહેશે.

ભારતના ચૂંટણી પંચના તા. ૧૫/૧૧/૧૯૯૪ ના પત્રના સંદર્ભમાં તા. ૧૭/૦૪/૨૦૧૯ ના પત્ર ક્રમાંક: 464/INST/2019/EPS ની સૂચના અન્વયે મતદાનના બીજા દિવસે એટલે કે તા.૨૪-૪-૨૦૧૯, બુધવારના દિવસે અને જયાં પુનઃ મતદાન યોજાય તેવા કિસ્સામાં જો મતદાનના બીજા દિવસે ચાલુ દિવસ હોય તો તેવા કિસ્સામાં ઉપરોક્ત સૂચનાઓ લાગુ પડશે. આ સમયગાળા માટે કોઇ વધારાનું ભથ્થુ આકારી શકાશે નહી, તેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

ઉકત સૂચના સંબંધિત સર્વેના ધ્યાને લાવવા વિનંતી છે.

**( અશોક માણેક)**
અધિક મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત.